# સંચાલકોએ સંસ્થાને બાળકની જેમ ઉછેરવી જોઇએ

વિવિધક્ષેત્રે વધી રહેલા ખાનગીક્ષેત્રમાંથી શિક્ષણક્ષેત્ર પણ બાકાત રહી ન શકે તે સ્વાભાવિક છે. શિક્ષણક્ષેત્રના વિકાસમાં ખાનગીક્ષેત્રનો ફાળો અનન્ય છે, તો સાથે શિક્ષણક્ષેત્રે પ્રવેશેલ અનેક દૂષણોમાં પણ ખાનગીક્ષેત્રનો ફાળો ઓછો નથી જ. ત્યારે કહેવાનું મન થાય કે, પવિત્ર ગણાતા શિક્ષણના વ્યવસાયને અભડાવવાનું કામ દિનપ્રતિદિન વધી રહ્યું છે. જેની સંખયા પહેલાં મુઠીભર હતી જે આજે ઢગલાબંધ છે. જેમાં કેટલાક સારા સાચા સંચાલકો પણ વટલાવા માંડયા છે. આ વટલાવાની પ્રવૃત્તિ શિક્ષણની ઘોર ખોદવા બેઠી છે. જેમાં કેટલાક સંચાલકો અને સંસ્થાઓ અડગ મનથી ઊભા પણ રહ્યાં છે. આવા સંચાલકો અને સંસ્થઓ જ્યાં સુધી વટલાશે નહી ત્યાં સુધી શિક્ષણને પવિત્ર માનવામાં આવશે. શિક્ષણની પવિત્રતાને ટકાવી રાખવાનું અને વધારવાનું કામ આવા બિનવટલાયેલ સંચાલકો પર જ છે. જેમને સો સો સલામ.બિનસરકારી/સેલ્ફફાયનાન્સ શાળા-કોલેજોનું પ્રમાણ વધી રહ્યું છે, સરકાર પણ આ નીતિને ઉત્તેજન આપે છે. જેથી શિક્ષણનું સરકારીકરણ ઘટી રહયું છે અને સામાજિકરણ વધી રહયું છે તેમ કહેવામાં સહેજ પણ ખોટું નથી. આવી બાબતને હરખભેર વધાવી લેવી જોઇએ. પણ સાથે શિક્ષણને કોઇપણ રીતે પૈસા કમાવાનું સાધન બનાવી દેવામાં આવી રહ્યું છે તેને ધુત્કારવી પણ જોઇએ.

આજે બિનસરકારી સંસ્થાના સંચાલકો અને ટ્રસ્ટી સંસ્થા સ્થાપવામાં જેટલો રસ લે છે, તેટલો રસ સંસ્થાને નિભાવવામાં નથી લેતા. સંસ્થાની સ્થાપના કર્યા પછી તેના વિકાસ માટે કરવા જોઇતા પ્રયત્નોમાં ઘણાં સંચાલકો ઊણાં ઉતરે છે. તો વળી  કેટલાક સંચાલકો નિયમિત પણે સંસ્થામાં હાજરી આપે છે, જરૂરી સલાહ-સૂચન આપે છે, સંસ્થાની ફિલોસોફી સતત વાગોળ્યા કરે છે, સૌના કામ પર દેખરેખ પણ રાખે છે. આવી સંસ્થાઓ અન્ય સંસ્થા કરતાં અલગ તરી આવે છે, જેની સમાજમાં વિશિષ્ટ છાપ પણ દેખાઇ આવે છે. સંચાલકોનું કામ માત્ર સંસ્થાની સ્થાપના જ કરવાનું નથી, પણ સંસ્થાની સ્થાપના પછી જે હેતુ માટે સંસ્થાની સ્થાપના કરેલ છે તે હેતુઓ પાર પાડવા માટે સતત મથવાનું પણ છે. બાળકને જણીને છોડી નથી દેવાનું, તેનો યોગ્ય રીતે ઉછેર પણ કરવાનો છે. બાળકોનો યોગ્ય રીતે ઉછેર કરવાની-સંસ્કાર આપવાની તાકાત-શક્તિ-આવડત ન હોય તેને બાળકને જન્મ આપવાનો સહેજ પણ અધિકાર નથી, તેને તો વાંઝિયા રહેવું જ સારું.  તેમ સંસ્થાનો પણ યોગ્ય રીતે ઉછેર કરવાની શક્તિ-આવડત ન હોય તેને પણ સંસ્થા સ્થાપવાનો સહેજ પણ અધિકાર નથી. આવા લોકો વાંઝિયા રહે એજ સમાજસેવા છે. બાળકને જન્મ આપી છોડી દેવામાં આવે કે રખડતું કરી દેવામાં આવે તો તે બાળક સમાજ માટે અવરોધક જ બનશે. તેમ સંસ્થાને પણ જન્મ આપી યોગ્ય રીતે ઉછેરવામાં નહીં આવે તો તે પણ સમાજ માટે હાનિકારક જ સાબિત થશે. બાળકને જન્મ આપી તરછોડવામાં આવે તો એક જ વ્યક્તિની જિંદગી બગડે છે, જ્યારે સંસ્થાને જન્મ આપી તરછોડવાથી હજારો-હજારો વ્યક્તિની જિંદગી બગડે છે.

સંસ્થાને બાળક તરીકે જોવામાં આવે તો સંસ્થાના ઉછેરની માર્ગદર્શિકા મળી જશે. બાળકના જન્મપૂર્વે અને જન્મ પછી જેટલી કાળજી, જેટલો રસ લેવામાં આવે છે અને જેટલી ચિંતા કરવામાં આવે છે તેટલું સંસ્થાના જન્મ પૂર્વે અને જન્મ પછી કરવું જોઇએ.  આપણા બાળકના ઉછેરમાં આપણે પૂરતો રસ લેતા ન હોઇએ તો કાકા-મામા-માસા વગેરે કેટલો અને ક્યાં સુધી રસ લેશે? તેવું જ સંસ્થા માટે છે. જો સંચાલકો જ પૂરતો રસ લેતા ન હોય તો શિક્ષકો અને આચાર્ય પણ કેટલો અને ક્યાં સુધી રસ લેશે? પોતાના બાળકની તંદુરસ્તી માટે જેવા અને જેટલા પ્રયત્ન કરવામાં આવે છે તેવા અને તેટલા પ્રયત્નો સંસ્થાની તંદુરસ્તી માટે કરવા જોઇએ. બાળક સહેજ પણ માંદું પડે તો જેટલા પ્રયત્નો કરવામાં આવે છે તેટલા જ પ્રયત્નો સંસ્થા માંદી પડે ત્યારે કરવામાં આવે છે? કુપોષણથી બાળકનું મરણ થાય છે તે વાત સંસ્થાને પણ લાગુ પાડી શકાય. પોતાના બાળકના સારા દેખાવા માટે નવાનવાં કપડાં ખરીદતો સંચાલક સંસ્થાના બાહ્ય રૂપરંગ વધારવા પ્રયત્ન કરતો નથી. બાળકના વિકાસ માટે ભૌતિક સગવડતાઓ ઊભી કરવામાં આવે છે, સમયાંતરે તેમાં પરિવર્તન પણ કરવામાં આવે છે તેમ સંસ્થાના વિકાસ માટે પણ થવું જોઇએ. બાળક નાનું હોય ત્યારે વધુ કાળજી માંગી લે છે, તેમ નવી સંસ્થા પણ વધુ કાળજી માંગી લે છે. બાળક મોટું થયા પછી આડા રસ્તે ફંટાઇ ન જાય તેની કાળજી લેવાની -ખબર રાખવાની જવાબદારી મા-બાપની છે. તેમ સંસ્થા પણ મોટી થયા પછી આડા પાટે ચડી ન જાય તેની કાળજી રાખવી એ સૌ સંચાલકોની ફરજ છે. જો તેવું બનતું જોવા મળે તો મૂકપ્રક્ષક ન બની રહેતાં જરૂરી પ્રયત્નો કરવા જોઇએ. પોતાના બાળકના વિકાસ માટે જેમ દોડધામ કરવામાં આવે છે તેમ સંસ્થાના વિકાસ માટે પણ દોડધામ કરવી જોઇએ. આપણું બાળક મોટું થઇને સમાજમાં પોતાનું આગવું

સ્થાન કે છાપ ઊભી કરે તેવું આપણે ઇચ્છીએ છીએ અને તે માટે જરૂરી આયોજનપૂર્વક પ્રયત્નો પણ કરીએ છીએ. તેમ સંસ્થા પણ સમાજમાં પોતાની આગવી છાપ-સુગંધ ફેલાવે તે માટેના પ્રયત્નો થવા જોઇએ. બાળકના સર્વાંગી વિકાસ માટે જરૂરી સગવડતાઓ ઊભી કરવામાં આવે છે તેમ સંસ્થાના સર્વાંગી વિકાસ માટે પણ જરૂરી સગવડતાઓ ઊભી કરવી જ જોઇએ. બાળકના વિકાસ માટે દરેક વાલી અવારનવાર જુદી જુદી જગ્યાએથી માર્ગદર્શન મેળવતો હોય છે, વિવિધ તાલીમ વર્ગો ભરાવે છે, તેમ સંસ્થાના વિકાસ માટે માર્ગદર્શન મેળવવામાં અને શિક્ષકો-આચાર્યને તાલીમવર્ગોમાં મોકલવાથી નાનાબાપના નથી બની જવાતું.

બાળકના વિકાસમાં તેના મિત્રોનો ફાળો અનન્ય હોય છે. આપણું બાળક યોગ્ય મિત્રોની પસંદગી કરે તે માટે આપણે જરૂરી માર્ગદર્શન પણ આપીએ છીએ અને જરૂર પડે તો બાળકને ખખડાવીએ પણ છીએ. તેમ સંસ્થાના વિકાસમાં શિક્ષકો અને આચાર્યની ભૂમિકા પણ એટલી જ અગત્યની છે. તેમની પસંદગી યોગ્ય થાય તે અત્યંત મહત્વનું છે. બાળકની પસંદગી કે નાપસંદ ધ્યાનમાં રાખીને આપણે આપણા ઘરમાં જરૂરી પરિવર્તન કરીએ છીએ, તેમ સંસ્થામાં પણ શિક્ષકો અને આચાર્યની પસંદગી નાપસંદગી જાણીને જરૂરી પરિવર્તન કરવું જોઇએ. વાલીના ખોટા કે ભૂલ ભરેલા નિર્ણયો સામે બાળક અવાજ ઊઠાવે કે ધ્યાન દોરે ત્યારે વાલી તે બાબત સ્વીકારી લે છે અને પોતાની જાતમાં પરિવર્તન લાવે છે. તેમ સંસ્થાના વાલીરૂપી સંચાલકના ખોટા-ભૂલભરેલા નિર્ણયનો શિક્ષકો-આચાર્ય દ્વારા વિરોધ થાય ત્યારે તેનો સ્વીકાર કરી પોતાની જાતમાં પરિવર્તન લાવવું એ શાણાં સંચાલકની નિશાની છે. બાળક આડા રસ્તે જતું હોય તો કડક હાથે કામ લેવાની દરેક વાલીની ફરજ છે તો સંસ્થામાં પણ એવું બને તો શિક્ષકો-આચાર્ય સામે કડક હાથે કામ લેવામાં સહેજ પણ સંકોચ રાખવાની જરૂર નથી. બાળકમાં સંસ્કાર સિંચનનું કામ મા-બાપનું છે તેમ સંસ્થામાં પણ સંસ્કાર સિંચનનું કામ સંચાલકોનું જ છે. “ બાપ એવા બેટા ” ઉક્તિ શૈક્ષણિક સંસ્થાને પણ લાગુ પડે જ. સંચાલકો જેવા વિચારો ધરાવતા હશે, જેવું વર્તન કરતા હશે તેવા જ વિચારો અને વર્તન શિક્ષકો-આચાર્ય કરશે. પછી બાવળીયા રોપીને કેરીની અપેક્ષા ન રખાય. બાળકની પ્રગતિથી જેમ ગૌરવ અનુભવાય છે અને અધોગતિથી આંખ ઝૂકી જાય છે તેવી પ્રતિક્રિયા સંસ્થાના વિકાસનકશાના આધારે પણ થવી જોઇએ. બાળકનો યોગ્ય ઉછેર નહીં કરો તો તેઓના માનસમાં તમારું માન-પાન નહીં જ હોય, તેઓ તમને ઘરડાઘરમાં મૂકવામાં સહેજ પણ સંકોચ નહીં કરે. તેવી જ રીતે સંસ્થાના સંચાલક માટે શિક્ષકો અને આચાર્ય પણ ચોક્કસ પ્રકારનું વર્તન કરતા હોય છે. યોગ્ય ભૂમિકાના અભાવને કારણે શિક્ષકો અને આચાર્ય ક્યારેય કોઇ સંચાલકને માન તો આપતા નથી, પણ મનોમન ધુત્કારતા હોય છે. આમ સંસ્થાનો વિકાસ બાળકના વિકાસની જેમ કરવામાં આવે તો ક્યાંય વધુ માર્ગદર્શન લેવા જવાની જરૂર નથી. બાળકને જેમ ચાહો છો તેમ સંસ્થાને પણ ચાહવામાં આવે તો સંસ્થાનો વિકાસ થશે જ તેની ગેરંટી.